ગાંધીનગર સમાચાર



# બોરૂની પ્રાથમિક શાળા ફૂલોની ખેતી કરી વાર્ષિક ૧૦ હજારની આવક મેળવે છે

ગાંધીનગર, તા. ૨૪

શાળા અમારી તીર્થભૂમિ જ્ઞાન ગંગા જ્યાં વહે... આ સુભાષિતને સાર્થક થતુ જોવુ હોય તો માણસા તાલુકાની બોરૂ પ્રા. શાળાની મુલાકાત લેવી પડે.

ઈનોવેટીવ પ્રોજેક્ટસ અને તેના અમલીકરણ દ્વારા શાળાને આંતર રાષ્ટ્રીય સ્તરની બનાવવાની કલ્પના સાથે શાળાના આચાર્ય શ્રી મેહુલ સુથાર અને તેમની ટીમ કામ કરી રહી છે.

આ શાળા ફૂલોની ખેતી કરે છે અને વાર્ષિક રૂ. ૧૦ હજારની આવક મેળવી શાળાના વિકાસ માટે વાપરવામાં આવી રહી છે. આ શાળામાં બાળકના જન્મ દિવસે ચોકલેટ નહિ પણ શાળાની જરૂરિયાતને ધ્યાને લઈ અને સ્વચ્છ ભારતના સૂત્રને સાર્થક કરવા સાબુ, તેલની બોટલ, પગલુછણિયા તેમજ અન્ય વસ્તુઓની બાળકો સ્વેચ્છાએ ભેટ આપે છે.



**આ શાળાની વિદ્યાર્થીની છાયા ઠાકોર, આચાર્ય મેહુલ સુથાર અને છાયાના પિતાનું મુંબઈની અંદર ઓક્ટોબરમાં ખાસ શુટીંગ થવાનું છે**

આ શાળામાં બે માસ સુધી સી.એલ. નહિ ભોગવનાર શિક્ષકને ખાસ પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવે છે. તેમજ પાણી પીવા માટે બાળકને આખો નળ નહિ અડધો નળ ખોલી પાણીનો બગાડ થતો અટકાવવાના અભિગમથી શિક્ષિત કરવામાં આવે છે.

આ જ શાળામાં ભણતી અને હવે ધો. ૯માં અભ્યાસ કરતી બાળા છાયા ઠાકોર અને તેના આચાર્ય મેહુલ સુથાર તેમજ છાયાના પિતાનો બી.બી.સી. દ્વારા ૨જી ઓક્ટો.ના રોજ મુંબી ખાતે વાર્તાલાપનું શુટીંગ થવાનું છે.

આ વાત પણ જાણવા જેવી નહિ ગૌરવપ્રદ છે કારણ કે સાતમા ધોરણમાં અભ્યાસ કરતી છાયાએ બાળકની ઊંચાઈ પ્રમાણે નળ ઊંચાઈ પ્રમાણે ફીટ કરી ક્રોસમાં લગાવવામાં આવે તેવો નવતર અભિગમ સ્વ. રાષ્ટ્રપતિ અબ્દુલ કલામની ઈનોવેટીવ

● અનુસંધાન પાન-૭ પર

## છાયાનો ઈનોવેટીવ આઈડીયા સ્ટાર પ્લસની સીરીયલમાં દર્શાવાશે

ગાંધીનગર, તા. ૨૪

પૂર્વ રાષ્ટ્રપતિ અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામ પ્રેરિત નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દર વર્ષે ઈન્ગાઈટ સ્પર્ધા યોજે છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી અવનવા વિચારોને આમંત્રણ આપવામાં આવે છે. ગયા વર્ષે દેશભરમાંથી આવેલા હજ્જારો વિચારો પૈકી ૨૮ જેટલા ઈનોવેટીવ વિચારોને ડૉ. અબ્દુલ કલામના હસ્તે એવોર્ડ મળ્યા હતા. તે પૈકી બોરૂ ગામની છાયા ઠાકોરે સાર્વજનિક સ્થળોએ લગાવવામાં આવતા પીવાના પાણીના નળનો કેવી રીતે વધુ સારો અને સગવડભર્યો ઉપયોગ કરી શકાય તેનો વિચાર રજુ કર્યો હતો. બોરૂના વિદ્યાધામ પ્રા. શાળાના ઉત્સાહી આચાર્ય મેહુલકુમાર અને શાળાના અન્ય શિક્ષકોએ છાયાના આ વિચાર અંગેનો પ્રોજેક્ટ ઈગ્નાઈટ સ્પર્ધામાં મોકલતા તેને એવોર્ડ મળ્યો હતો. દેશભરમાંથી આવેલા આવા વિચારો અને તેના વિચારકો એટલે કે રીયલ લાઈફ હીરોને દર્શાવતી ટીવી સીરીટીલ બીબીસી વર્લ્ડવાઈડ પ્રોડક્શન કંપની બનાવી રહી છે. જે ટુંક સમયમાં સ્ટાર પ્લસ પર દર્શાવવામાં આવશે. આ સીરીયલનું શુટીંગ ૨ ઓક્ટોબરે મુંબઈમાં થશે. જેમાં રીયલ લાઈફ હીરો તરીકે બોરૂની છાયા ઠાકોર અને તેને પ્રોત્સાહિત કરનાર શાળાના આચાર્ય મેહુલકુમારને દર્શાવવામાં આવશે.

# સેક્ટર-૨૪, ૩૦ અને ૫ ડેન્ગ્યુ માટે સંવેદનશીલ

**શહેરમાં હાઉસ ટુ હાઉસ સર્વેમાં ૩૭ હજાર મકાનો ચકાસાયા**
**સે.૩,૪,૨૧,૧૭માંથી ૧૫૧ સ્થળોએથી મચ્છરોના બ્રિડીંગ મળ્યા**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં સે. ૨૪, ૩૦ અને ૫ એ ડેન્ગ્યુ માટે સૌથી વધુ સંવેદનશીલ હોવાનું કોર્પોરેશનના આરોગ્યતંત્રનું માનવું છે તેમજ આ વર્ષે શહેરમાં ડેન્ગ્યુના કેસોમાં ગત વર્ષ કરતાં વધારો થયાનો પણ એકરાર કર્યો છે.

શહેરમાં વધતા જતા ડેન્ગ્યુના કેસોને લઈ તંત્રએ મચ્છરોના બ્રિડીંગ શોધવા અને તેનો નાશ કરવાની વ્યુહરચના તૈયાર કરી છે. તે અંતર્ગત ૩૭૫૧૮ મકાનોનો સર્વે કરવામાં આવ્યો છે. જે પૈકી ૧૨૩૫ મકાનોમાંથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં તેનો નાશ કરવામાં આવ્યો છે.

આ અંગે તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે શહેરમાં સત્તાવાર રીતે ૯ જેટલા કન્ફર્મ ડેન્ગ્યુના કેસ નોંધાયા છે. જ્યારે બિનસત્તાવાર આંક ૪૨ દર્દીઓ છે.

ગયા વર્ષે આ કેસ ઓછા નોંધાયા હતા. તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે વારંવાર બ્રિડીંગ એક સ્થળેથી વારંવાર મળે તો તેને નોટીસ આપવામાં આવે છે અને પાંચથી વધુ સ્થાનો પર બ્રિડીંગ વારંવાર મળતાં તેના સંચાલકનો નોટીસ આપવામાં આવી છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરમાં આ વખતે મેલેરિયાના કેસો ઓછા છે જો કે ડેન્ગ્યુના કેસો વધુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ગઈકાલે સે. ૩, ૪, ૨૧ અને ૧૭ના ૩૪૬૦ મકાનોનો સર્વે કર્યો છે જેમાં ૮૨૪૧ પાત્રોની તંત્રની ટીમે ચકાસ્યા હતા અને ૧૫૧ સ્થળોએથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળ્યા છે.

વાતાવરણમાં સતત બદલાવ તેમજ આરોગ્ય વિષયક સ્વચ્છતા અંગેની ઉદાસીનતા એ વાહક જન્ય રોગચાળાનો વ્યાપ વધારે છે.

તંત્રના સૂત્રોનું માનવું છે કે સે. ૨૪ અને ૫માં વસ્તીની ગીચતાનું પ્રમાણ વધુ હોવાને કારણે આ વિસ્તારો ડેન્ગ્યુ માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યા છે.



**વડવાઈ** - વડ અને વડવાઈ આપણી પરંપરાના પ્રતિક છે... પેઢી દરપેઢી બદલાતા સંસ્કારોની વચ્ચે પણ વડ એની વડવાઈઓથી સંયુક્ત પરિવારનો સંદેશ આપે છે... પરિવારના વિકાસની વાત સમજાવે છે... સાથોસાથ આપણી સામાજીક શ્રદ્ધા પણ વડ સાથે જોડાયેલી છે... અનેક વ્રત અને તપ વડને સંલગ્ન હોય છે... આવી વડ અને વડવાઈ શહેરના સેક્ટર-૧૯માં શોભાયમાન છે... **(તસવીર - કશ્યપ નિમાવત)**

## ગાંધીનગર સિવિલમાંથી ૧૩થી વધુ જગ્યાએ મચ્છરોના બ્રિડીંગ મળ્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના નવા સંકુલ તેના સ્ટાફ ક્વાર્ટસ તેમજ ગર્લ્સ હોસ્ટેલના કેમ્પસમાંથી આજે તંત્રની તપાસ ટીમ દ્વારા કરાયેલા સર્વેલન્સમાં એડીસ મચ્છરોના મોટા પાયે બ્રિડીંગ મળતાં શહેર આરોગ્ય તંત્રની ટીમ ચોંકી ઉઠી છે.

મળતી વિગતો પ્રમાણે સ્ટાફ ક્વાર્ટસના ધાબા પર મુકાયેલી ટાંકીઓ પર ઢાંકણ પણ નથી તો સિવિલ સંકુલના ધાબે પણ મુકાયેલ ટાંકીઓ ઓવરફ્લો થાય તો નિકાલ માટેની વ્યવસ્થાનો પણ અભાવ જણાયો છે અને તેને કારણે અહિથી વારંવાર બ્રિડીંગ મળી રહ્યા છે.

**એક જ મહિનામાં બીજીવાર મોટી સંખ્યામાં બ્રિડીંગ મળતાં તંત્ર પણ ચિંતાતુર**

સિવિલ હોસ્પિટલના સ્ટાફ ક્વાર્ટસમાં ૧૧ સ્થાનોએથી એડીસ મચ્છરોના બ્રિડીંગ મળ્યા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલમાંથી એક જ મહિનામાં બીજીવાર મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અગાઉ ફોગીંગ ત્રણ દિવસ સુધી સતત કરવામાં આવ્યું હતું.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સિવિલ હોસ્પિટલના નવા સંકુલમાં બાંધકામ સંભાળનાર વી.આઈ.યુ.ને વારંવાર નોટીસો આપવામાં આવી છે પણ કોઈ જ નક્કર કામગીરી થતી નથી.

સિવિલ હોસ્પિટલ સંકુલ જ વાહકજન્ય રોગચાળાનું એ.પી. સેન્ટર બની વિકસી રહેલ છે તે તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે.


**પ્રાર્થના સભા - બેસણું**

મારા માતૃશ્રી **સ્વ. કંકુબા ડોડીયાનું** પરલોક ગમન થયું છે. સદગતનું **બેસણું - પ્રાર્થના સભા તા. ૨૫, સપ્ટેમ્બર, ૨૦૧૫ને શુક્રવારે** રાખેલ છે.

સમય : સાંજે ૪-૦૦ થી ૬-૦૦
સ્થળ : અર્પણ સોસાયટી, કોમન પ્લોટ, મયુર સ્કુલની બાજુમાં, પલિયડનગર, નારણપુરા, અમદાવાદ

**લિ.**
**નટવરસિંહ ડોડીયા**
**માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત**
**સચિવશ્રી અને નાયબ કલેક્ટર**



**''વોક ઈન ઈન્ટરવ્યુ''**

મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે એક મહિલા કન્સલ્ટન્ટ (ટીમ લીડર)ને ૧૧ માસ માટે કરાર આધારિત કામગીરી માટે રોકવાના હોવાથી નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમનાં અસલ પ્રમાણપત્રો સાથે તા. ૧/૧૦/૨૦૧૫ સમય સવારે ૧૦-૦૦ વાગે નીચે જણાવેલ સરનામે સ્વખર્ચે ઉપસ્થિત રહેશે.

આ યોજના અંતર્ગત મહિલા કન્સલ્ટન્ટ તરીકે સખી મંડળોની રચના, મંડળોના સભ્યોને બચત માટે પ્રોત્સાહિત કરવા, સ્વ સહાય દ્વારા આર્થિક પ્રવૃત્તિ સાથે સાંકળીને તેમનામાં બચત - ધિરાણની વ્યવસ્થા ઉભી કરવી, રીવૉલ્વીંગ ફંડ / બેંક ધિરાણથી સ્વરોજગારી મેળવવી તેમજ સરકારની વિવિધ યોજનાઓ સાથે જોડવાની વગેરે કામગીરી કરવાની રહેશે. તે માટે ઉચ્ચક માસિક રૂ. ૧૪૦૦૦/-ની ચુકવણી કરવામાં આવશે.

● **લાયકાત વયમર્યાદા :** ઈન્ટરવ્યુની તારીખે ૨૫ વર્ષ પુરા થયેલ હોવા જોઈએ. અને ૩૫ વર્ષથી વધવી જોઈએ નહી. એસ.સી. / એસ.ટી. / અન્ય પછાત વર્ગના લાયક ઉમેદવાર માટે ૫ વર્ષની છુટછાટ છે.

● **શૈક્ષણિક લાયકાત :** ઓછામાં ઓછા બીજા વર્ગથી ઉત્તિર્ણ થયેલા એમ.એસ. ડબલ્યુ / એમ.એ. સમાજ શાસ્ત્ર / એમ.બી.એ. સરકાર માન્ય યુનિવર્સિટીમાંથી સમાન પ્રકારના કોર્સમાં અનુસ્નાતક ઉમેદવાર.

● **અનુભવ :** મિશન મંગલમ યોજનામાં ઓછામાં ઓછા ત્રણ વર્ષની ક્ષેત્રિય અનુભવ અને સ્ત્રી ઉન્નતિના કામોની તેમજ સામાજિક સેવાની કામગીરીની જાણકારી.

**ઈન્ટરવ્યુનું સ્થળ**
**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**
**એમ.એસ. બિલ્ડીંગ, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા



**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**
**ગાંધીનગર સમાચાર**
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧


# અંબાજી રૂટમાં ગાંધીનગર ડેપોની રોજ ૨૫ ટ્રીપો દોડશે

## કુલ ૧૦૦ ટ્રીપો દોડાવાશે : એસ.ટી.ને વધુ ૧૦ લાખની આવક થવાનો અંદાજ

ગાંધીનગર તા ૨૪

ભાદરવી પુનમના દિવસો નજીક આવતા અંબાજી પગપાળા જતા પદયાત્રીઓને યોગ્ય બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે ગાંધીનગર ડેપો દ્વારા રોજની ૨૫ બસો અંબાજી રૂટમાં દોડાવાશે. તા ૨૩ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી રૂટમાં ડેપો દ્વારા ૧૦૦ ટ્રીપોનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેના પરિણામે ગાંધીનગર ડેપોને રૂપિયા ૧૦ લાખની આવક થવાનો અંદાજ છે.

ભાદરવી પુનમે અંબાજીમાં ભાવિકોનુ કીડીયારુ ઉભરાય છે. માં ના દર્શન કરીને ધન્યતા અનુભવતા ભાવિકો વિવિધ સંઘ દ્વારા તેમજ સ્વેચ્છાએ પવિત્ર અંબાજી ધામમાં પગપાળા જવા અનોખી શ્રધ્ધા ભકિતથી જોટાય છે. હાલ પણ અંબાજીના રૂટમાં

● અનુસંધાન પાન-૭ પર

### 'બસ સેવાની ઘટ'ના લીધે મુસાફરો કલાકો સુધી ફાંફે ચઢયા

અંબાજી જતા પદયાત્રીઓ માટે ગાંધીનગર ડેપો દ્વારા ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવતા આજે ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોને બસ સેવા માટે ફાંફા મારવાનો વારો આવ્યો હતો. આજે સવારથી જ અપડાઉનર્તાઓને અમદાવાદ તરફ જવાની બસ મળતી ન હોવાથી એસ ટી ડેપોમાં પણ મુસાફરોની ભીડ જામી હતી જયારે સેકટરોના બસ સ્ટેન્ડ પર મુસાફરોની કતાર જોવા મળી હતી. આજે ચાલુ દિવસ હોવાથી રૂટીન બસ સેવામાં ઘટ પ્રવર્તી હતી. જેના પરિણામે વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ અટવાયો હતો.એસ ટી ડેપો દ્વારા આજે અંબાજી રૂટ માટે ૧૬ જેટલી બસો દોડાવવામાં આવી હતી. જેના પરિણામે શહેરી બસ સેવા પ્રભાવિત થઈ હતી. નાગરિકોએ બસ ન મળતા ખાનગી વાહનોનો આશરો લેવાનો વારો આવ્યો હતો. શટલિયા વાહનોએ મનફાવે તેમ ભાડા વસુલી કરી લીધી હતી. ડેપો કક્ષાએથી યોગ્ય આયોજન ન થતા અપડાઉનકર્તાઓ ત્રાહીમામ પોકારી ગયા હતા.


**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




વાનર પરિવાર - ગાંધીનગરમાં આજકાલ વાનરોની અવર-જવર વધી છે... શહેરના રાજમાર્ગો હોય કે રહેણાંકના બગીચા હોય... બિન્દાસ રીતા લાવ-લશ્કર સાથે વાનર પરિવાર હરે-ફરે છે... ભરચક માર્ગ પર પણ આરામ ફરમાવતા વાનર અને સાથીઓની લાક્ષણિક તસવીર... (તસવીર : કશ્યપ નિમાવત)

## સાબરમતી વિસ્તારમાં બે અકસ્માત

અમદાવાદ, તા. ૨૪

શહેરના સાબરમતી વિસ્તારમાં આજે સવારે બે અલગ-અલગ જગ્યાએ અકસ્માતની ઘટના બની હતી. આ ઘટનામાં એકટીવા અને બી આર ટી એસ બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો અને બીજી બાજુ એકટીવા અને એમ ટી એસ બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્તોમાં યુવક અને બે યુવતીઓનો સમાવેશ થાય છે. જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ફરીયાદી એ સાબરમતી પોલીસ સ્ટેશનમાં બસ ચાલક વિરુધ્ધ ફરીયાદ નોંધાવી હતી. જ્યાં બીજી બાજુ આજે ચીમનભાઈ ઓવરબ્રિજ પર બે યુવતીઓ એકટીવા લઈને પસાર થઈ રહી હતી. તે દરમ્યાન પુરપાટે રોંગસાઈડથી રિક્ષા ચાલક આવી રહ્યો હતો અને એકટીવા પર સવાર બે યુવતીઓએ ગભરાઈને બેલેન્સ ગુમાવ્યું હતું. જેથી પાછળ થી આવતી એસ.ટી.બસના ચાલકે બે યુવતીઓને અડફેટે લઈ અકસ્માત સર્જાયો હતો.


**''વોક ઈન ઈન્ટરવ્યુ''**

મિશન મંગલમ (અર્બન) યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે ત્રણ સમાજ સંગઠકને તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારિત કામગીરી માટે રોકવાના હોવાથી નીચે જણાવેલ લાયકાત ધરાવતા ઉમેદવારોએ તેમના અસલ પ્રમાણપત્રો સાથે તા. ૩/૧૦/૨૦૧૫ સમય સવારે ૧૧.૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે સ્વખર્ચે ઉપસ્થિત રહેશે.

આ યોજના અંતર્ગત સમાજ સંગઠક તરીકે સ્ત્રી સશક્તિકરણના કાર્યોની જાણકારી તથા સખી મંડળના જૂથની રચના, તેમના બચત ધિકારણની સહાય અપાવવી. જૂથોને લાંબા સમયગાળા ટકાવી રાખી તેમને બેંક ધિરાણ સ્વરોજગારી મેળવી શકે વગેરે કામગીરી કરવાની રહેશે. તે માટે થયેલ કામગીરી પેટે માસિક રૂ. ૪૦૦૦/-ની ચુકવણી કરવામાં આવશે.

● **લાયકાત વયમર્યાદા :** ઈન્ટરવ્યુની તારીખે ૨૧ વર્ષ પુરા થયેલ હોવા જોઈએ. અને ૩૦ વર્ષથી વધવી જોઈએ નહી. એસ.સી. / એસ.ટી. / અન્ય પછાત વર્ગની લાયક ઉમેદવાર માટે ૫ વર્ષની છુટછાટ છે.

● **શૈક્ષણિક લાયકાત :** સરકાર માન્ય યુનિવર્સિટીના સ્નાતક થયેલ બી.આર.એસ. / બી.એ. સમાજશાસ્ત્ર / અન્ય સ્નાતક, તેમજ સ્ત્રી ઉથ્થાન માટે રૂચિ ધરાવનાર ઉમેદવાર લાયક ગણાશે.

● **અનુભવ :** સામાજિક સેવાની કામગીરીમાં ક્ષેત્રિય અનુભવ અને સ્ત્રી ઉન્નતિના કામોની જાણકારી વધારાની લાયકાત ગણી શકાશે.

**ઈન્ટરવ્યુનું સ્થળ**
**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન**
**એમ.એસ. બિલ્ડીંગ, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર**

સહી/-
નાયબ મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com